ગાંધીનગર સમાચાર

આજથી દબાણ ઝુંબેશનો બીજો તબક્કો

# ૩૨ લાખના બાઈક માટે યુવાને ૩.૪૩ લાખનો ટેક્ષ ભર્યો

ગાંધીનગર તા૧૦
નગરની આર ટી ઓ કચેરીમાં આજે રૂ ૩૨.૮૮ લાખનુ બાઈક પાસિંગ માટે આવ્યુ હતુ. છ ગિયરવાળા ધરાવતા સ્પોર્ટસ બાઈકને અનુલક્ષી આજની યુવાપેઢી વિશેષ ક્રેઝી બની છે. ખાસ કરીને બોલીવુડની મુવી ધુમ રીલીઝ થયા બાદ એક દાયકાથી યુવાનોમાં બાઈક પ્રત્યેનો લગાવ વિશેષ વધી ગયો છે. ત્યારે છેલ્લા કેટલાક વર્ષોથી નગરના માર્ગો પર રાત્રિના સમયે પણ મોંધાદાટ બાઈકની સવારી સાથે



**મોંઘાદાટ બાઈક સાથે ફોટો ખેંચવા યુવાનો ટોળે વળ્યા : છ ગિયરવાળા ૧૮૦૦ સી સીના બાઈકને પાસિંગ માટે આર ટી ઓ કચેરીમાં લવાતા આકર્ષણ છવાયુ**

યુવાનો ભયજનક સ્ટંટ કરતા હોવાની બુમો પણ ઉઠવા પામે છે. ત્યારે યુવાનોમાં બાઈકનો ક્રેઝ પણ દિનપ્રતિદિન બેવડાઈ રહયો છે.મોંધાદાટ બાઈકને શાનદાર સવારી માનતા યુવાનો બાઈક ખરીદવા પાછળ લાખો રૂપિયા ખર્ચી નાંખે છે. નગરની આર ટી ઓ કચેરીમાં આજે અમદાવાદથી ખરીદવામાં આવેલા બાઈકને પાસિંગ માટે લાવવામાં આવતા ૧૮૦૦ સી સીના આ બાઈકને જોવા માટે યુવાનોની ભીડ જામી હતી. કાર કરતા પણ વધારે પાવરફુલ બાઈકની સાથે ફોટો ખેંચવા માટે પણ પડાપડી કરી હતી. યુવાને અમદાવાદમાંથી આ બાઈક ખરીદી પાસિંગ માટે નગરની આર ટી ઓ કચેરીમાં લઈ આવ્યો હતો. ૩૨ લાખની કીંમતના આ બાઈક માટે યુવાન રૂ ૩.૪૩ લાખ રોડ ટેક્ષ ચુકવ્યો હતો.

શહેરના માર્ગો પર વૈભવી કારની સાથે અવનવા મોંઘાદાટ બાઈક પણ પુરપાટ દોડતા જોવા મળે છે. કાર કરતા પણ પાવરફુલ અન્જીન તેમજ સુવિધાઓ મુલાકાતીઓ બાઈકને જોવા ટોળે વળી ગયા હતા. આ ઈન્ડીયન રોડમાસ્ટર પોલોરાઈડસ બાઈક રૂ ૩૨.૮૮ લાખના બાઈકના પાસિંગ માટે યુવાને રૂ ૩.૪૩ લાખનો રોડ ટેક્ષ ચુકવ્યો હતો. બે સીલીન્ડર ધરાવતા આ બાઈકનુ એન્જીન ૧૮૦૦ સી સીનુ કાર કરતા પણ વધારે તાકાતવાળુ છે. છ ગિયરવાળુ આ બાઈક ૧૨ની એવેરેજ આપશે. સ્ટાઈલીશ લાગતા આ બાઈકની બોડી સ્ટીલની છે. આજે આરટી ઓ કચેરીમાં આ બાઈક પાસિંગ માટે આવતા યુવાનોએ ફોટો ખેંચવા માટે ભીડ જમાવી હતી.

# લોભ-લાલચમાં ફસાઈશું નહિ : કોંગ્રેસના નવનિર્વાચીત સભ્યોનું સોગંદનામુ

ગાંધીનગર, તા. ૧૦
સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં હોદ્દેદારોની નિયુક્તી અંગેની સત્તા પ્રદેશ નેતાગીરીને સુપ્રત કરતો એક લીટીનો પ્રસ્તાવ આજે જિલ્લાની વિવિધ સંસ્થાઓની ચૂંટાયેલી પાંખોના પ્રતિનિધિઓની સભામાં કોંગ્રેસના આગેવાનોની ઉપસ્થિતિમાં કર્યો છે.

પ્રદેશ ઉપપ્રમુખ શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રીમતિ રમીલાબેન દેસાઈ, પ્રદેશ મહામંત્રી અને વક્તા શ્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, જિલ્લાના નિરીક્ષકો, ધારાસભ્યો શ્રી બળદેવજી ઠાકોર, શ્રીમતિ કામિનીબા રાઠોડ, શ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ શ્રી જશુભા રાણા, પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ પંચાયત પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં કોંગ્રેસના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોએ આ પ્રસ્તાવ પસાર કર્યો હતો.

**કોંગ્રેસના જીલ્લાના નવનિર્વાચીત સભ્યોની બેઠકમાં પાંચ પ્રસ્તાવો પસાર કરાયા : હોદ્દેદારોની નિયુક્તી માટે પ્રદેશને સર્વ સત્તા સોંપતા સ્થાનિક સ્વરાજયના ચૂંટાયેલા સભ્યો !!**

આજની આ બેઠકમાં મતદારોનો આભાર માનતો પણ ખાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો તેમજ આગામી દિવસોમાં વધુ સંગઠિત થઈ ભાજપનો મુકાબલો કરવાનો સંકલ્પ પણ લેવાયો હતો.

આ બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને બિરદાવતા તેમજ કેન્દ્રમાં ભાજપના શાસનમાં અસરકારક વિપક્ષની ભૂમિકા જે રીતે બજાવવામાં નેતૃત્વ કરી રહ્યા છે તે માટે અભિનંદન આપતો પ્રસ્તાવ પણ પસાર કરાયો હતો.

આ બેઠકમાં પાંચ જેટલા પ્રસ્તાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભવ્ય જનાદેશ મળ્યો છે તેને સાર્થક કરવા માટે સંપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

માર્ગ દુરસ્તીકરણ - શહેરના ઘ-માર્ગનું દુરસ્તીકરણ પુરજોશમાં ચાલી રહ્યું છે. ઘ-૬ થી ઘ-૭ વચ્ચેના ૧ કિ.મી.ના માર્ગમાં પડેલા ગાબડા દૂર કરાઈ રીસરફેસીંગનું કામ ચાલુ છે... તબક્કાવાર કામ ચાલશે અને સમગ્ર ઘ-માર્ગ દુરસ્ત કરવાના આયોજનનો આરંભ છે... શહેરના મુખ્ય માર્ગો સરસ રીતે જળવાય છે પરંતુ આંતરિક માર્ગોમાં વસાહતીઓને સમસ્યા ભોગવવી પડે છે... જી.આઈ.ડી.સી.ના આંતરિક માર્ગો તાકિદે દુરસ્તીકરણ માગે છે.

# કર્મચારીઓને ૨૦૧૬માં પાંચ મીની વેકેશન મળશે

ગાંધીનગર, તા. ૧૦
૨૦૧૬ના વર્ષમાં કર્મચારીઓને સૌથી વધુ મીની વેકેશનો મળશે. આમ તો આ વર્ષમાં સૌથી વધુ રજાઓ માર્ચ, એપ્રિલ અને ઓક્ટો. મહિનામાં આવે છે.

ડિસેમ્બર તેની મધ્યમાં પહોંચવામાં આવ્યો છે અને ૨૦૧૬ એ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું વર્ષ પણ છે. એટલે કર્મચારી જગતમાં ચર્ચાઓની વાતો અત્યારથી શરૂ થઈ જવા પામી છે.

કર્મચારીઓને પ્રથમ વેકેશન ૧૪, ૧૫, ૧૬, ૧૭ જાન્યુઆરીનું મળશે. તો બીજી મીની વકેશન માર્ચમાં ૨૪, ૨૫, ૨૬, ૨૭નું ૪ દિવસનું મળશે.

ઓગષ્ટ માસમાં ૨૫મીએ જન્માષ્ટમી ૨૬મીએ રજા મુકો તો ૨૭મી શનિવારની રજા અને રવિવારની રજા સાથે ચાર રજાનું ત્રીજુ વેકેશન મળે છે.

ઓક્ટો. માસમાં ૮-૯ની જાહેર રજા તો ૧૧-૧૨ પણ વિજ્યાદશમી અને મહોરમની રજા આવે છે એટલે ૧૦મીએ

**રજાઓના આયોજનોને લઈ કર્મચારીઓ ગોઠવણમાં વ્યસ્ત**

રજા મુકો તો પાંચ દિવસનું વેકેશન મળી શકે છે.

ડિસેમ્બરમાં ૧૦-૧૧ની રજા ઉપરાંત ૧૩મીએ ઈદે મિલાદની જાહેર રજા છે જો ૧૨મીએ રજા મુકો તો ચાર દિવસનું વધુ એક વેકેશન પ્રાપ્ત થાય છે.

આમ ૫ મિની વેકેશનનો લાભ રજાઓનું સેટીંગ કરતાં કર્મચારીઓને મળી રહ્યું હોવાથી અત્યારથી તેના આયોજનોમાં કર્મચારીઓ જોતરાઈ ગયા છે.

# ડેપોમાં ખિસ્સા કાતરૂઓ બેફામ છતા એસ ટી નિગમનો સબ સલામતનો દાવો

**મોડેલ ડેપો બનાવવાની વાતો વચ્ચે સલામતીના મામલે જ છીંડા : ડેપો સંકુલમાં ગંદકી પણ પારાવાર**

ગાંધીનગર તા ૧૦
શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની વાતો થાય છે. ત્યારે ડેપોમાં મુસાફરોની સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. ડેપોમાં વખતોવખત ખિસ્સા કાતરુઓ સક્રીય થાય છે. આમછતા એસ ટી નિગમ દ્વારા સબ સલામતનો દાવો કરવામાં આવ્યો છે.

નગરના એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી પ્રાથમિક સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. ત્યારે બીજીતરફ ડેપોને મોડેલ ડેપો બનાવવાની વાતો હજુ હવામાં છે. ડેપો સંકુલમાં છાશવારે ગંદકી તરવરતી હોવાના દ્રશ્યો સર્જાય છે. ગંદકી દુર કરવા માટે કાયમી સફાઈ પણ ન થતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં એસ ટી ડેપો સંકુલમાં મુસાફરોની

● અનુસંધાન પાન-૭ પર







# આજથી દબાણ ઝુંબેશનો બીજો તબક્કો પ્રથમ તબક્કામાં ૮૨ દબાણો દુર કરાયા

**ચાર સેકટરોમાંથી લારી ગલ્લાના માત્ર ચાર જ દબાણો તંત્રના હાથ લાગ્યા**

ગાંધીનગર તા ૧૦
શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે તંત્ર દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં ૮૬ દબાણો દુર કરાયા છે. સેકટર ૨૦,૩૦ અને સે-૨૧માંથી ઝુંપડાના ૮૨ તેમજ લારી ગલ્લાના ૪ દબાણો દુર કરાયા છે. આજથી સે-૨૨માં દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરને દબાણ મુકત કરવા તંત્ર દ્વારા તા ૭ ડીસેમ્બરથી સેકટરોમાં દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જયારે પ્રાથમિક તબક્કે સે-૨૧ તેમજ સે-૨૦ અને સે-૩૦માંથી દબાણો દુર કરવામાં આવ્યા હતા. જેમાં સેકટરના આંતરિક વિસ્તારમાંથી ઝુંપડાઓના દબાણો દુર કરાયા હતા. આ ઉપરાંત લારી ગલ્લાના માત્ર ચાર જ દબાણો દુર કરવામાં આવ્યા હતા. દબાણ ઝુંબેશ અંગે દબાણ કર્તાઓ જાગૃત થઈ જતા દબાણ ઝુંબેશ નાટકીય પુરવાર થાય તેવી સ્થિતિ છે. સેકટરોમાં પુનઃ દબાણો ગોઠવાઈ ન જાય તે મહત્વનુ છે. આવા સંજોગોમાં શહેરને સ્માર્ટ સીટી બનાવવાના શમણાં સાકાર કરવા કાયમી ધોરણે દબાણોનો નિકાલ થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. દબાણ હટાવ ઝુંબેશના બીજા તબક્કામાં સે-૨૨, સે-૨૩,તેમજ સે-૨૮ અને સે-૨૯માંથી દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોમાં દબાણ દુર કરવાની કાર્યવાહી શુક્રવારથી શરૂ કરી દેવામાં આવશે. જેમાં શોપિંગ વિસ્તાર તેમજ સેકટરોના આંતરિક ભાગોમાં પણ અસ્તિત્વમાં આવેલા દબાણો દુર કરવામાં આવશે. શહેરમાં દિનપ્રતિદિન દબાણોની સંખ્યા વધતી જાય છે. જેના પરિણામે સેકટરોમાં ગંદકી સહીતના પ્રશ્નો ઉભા થયા છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ દબાણો વધતા રહીશો તોબા પોકારી ગયા છે. ત્યારે સેકટરોમાં દબાણ હટાવ ઝુંબેશના અંતે ટુંક સમયમાં જ દબાણો યથાવત સ્થિતિમાં ગોઠવાઈ જાય છે. ત્યારે સેકટરોમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશની અસરકારકતા સામે પણ સવાલો મંડરાયા છે.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com